ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી તોડ કરતી ગેંગ ઝડપાઈ

ઈન્ફોસીટી પાસે થયેલી લૂંટ અને અપહરણના ગુનાનો ભેદ ઉકેલાયો : ચાર શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૨

પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપીને પ્રજા પર રોફ મારી ડરાવી-ધમકાવીને તોડ કરતી ગેંગને ગાંધીનગર એલસીબીની ટીમે ઝડપી પાડી છે. શાહપુર સર્કલ પાસે વાહન ચેકીંગ દરમ્યાન એલસીબીના હાથે ઝડપાઈ ગયેલા ચાર શખ્સોની સઘન પુછપરછ કરતાં ઈન્ફોસીટી પાસે થયેલી લુંટ અપહરણ પ્રકરણનો પણ ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. એલસીબીએ ચારેય શખ્સોની ધરપકડ કરીને ઈન્ફોસીટી પોલીસને વધુ તપાસ માટે સોંપ્યા છે.

શાહપુર સર્કલ એલસીબીની ટીમ વાહન ચેકીંગમાં હતી ત્યારે એક ઈન્ડીકા વિસ્ટા ગાડીએ પોલીસ જોઈને કાર રીવર્સ લીધી હતી. શંકાસ્પદ જણાતા ટીમે ઈન્ડીકા ગાડી નં. જીજે-૨૭-કે-૧૯૦૬ નો પીછો કરી ગાડીને આંતરી ચાર શખ્સોને પકડ્યા હતા. પ્રાથમિક પુછતાછમાં સંતોષકારક જવાબ ન મળતા એલસીબીની ટીમ ચારેયને ઉઠાવીને લઈ ગઈ હતી અને સઘન પુછપરછ કરતાં આ ગેંગ ક્રાઈમ બ્રાન્ચના નામે તોડ કરતી ગેંગ હોવાનું બહાર આવ્યું હતું. ગોમતીપુરનાં સુનીલ ઉર્ફે એસ.કે. હસમુખ પરમાર, ચાંદખેડાના દિપક રસીક જાદવ, સંજય પ્રવિણ ઈન્દ્રળા અને જગદિશચંદ્ર ઉર્ફે જગો અંબાલાલ ચૌહાણ મળી ચારેયની સઘન પુછપરછ કરતાં ઈન્ફોસીટી ઝાડીઓમાંથી નીકળેલા કેરીના વેપારી ભાવીન તથા અજય મનાણીને ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી ગાડીમાં અપહરણ કરી કેરીના આઠ ટોપલા લુંટી રૂ. ૨૭,૬૦૦નો તોડ કર્યો હતો તે ગુનાની કબુલાત પણ કરી લીધી હતી.

આરોપીઓ પૈકી સુનિલ પરમારે ડીપ્લોમા ઈલેક્ટ્રીકલ દવાઓનું માર્કેટીંગ કરતો હતો પરંતુ ધંધો ચાલતો ન હોવાથી આર્થિક સંકડામણમાં હતો અને ક્રાઈમ બુલેટીનનું કાર્ડ બનાવી ક્રાઈમ બ્રાન્ચની પોલીસની ઓળખ આપી ગુનો કર્યો હતો.

તેમજ દિપક જાદવ અગાઉ નરોડા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના ગુનામાં તથા મણીનગર પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરીના ગુનામાં પકડાઈ ચુક્યો છે.

ભગવાન પરશુરામ વિશે અભદ્ર ટીપ્પણીનો વિરોધ

છેલ્લા કેટલાક દિવસોથી સોશ્યલ મીડિયામાં ભગવાન પરશુરામ અંગે અભદ્ર ટીપ્પણીઓ કરવામાં આવી રહી છે. જેમાં વિરોધમાં અખિલ ભારતીય બ્રાહ્મણ એકતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દેખાવો યોજવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ અને પરશુરામ ફાઉન્ડેશનના બ્રહ્મબંધુઓ દ્વારા કલેક્ટર અને રાજ્ય પોલીસવડાને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

વડોદરા ગામ પાસે કારની ટકકરે મહિલાનું કરૂણ મૃત્યુ

આરોપી મારૂતીવાનના ચાલકને પોલીસે પકડી લીધો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામ પાસે ખેતરમાંથી એક મહિલા ઘાસનો ભારો લઈને રસ્તો ઓળંગી રહી હતી ત્યારે બેફામ ગતિએ જતા મારૂતિ વાનના ચાલકે મહિલાને અડફેટે લઈ લીધી હતી. મહિલાનું ઘટના સ્થળ પર જ કરૂણ મૃત્ય નિપજયું હતું. આરોપી કાર ચાલકને ડભોડા પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડી તેની સામે કાર્યવાહી શરુ કરી છે.

વડોદરા ગામમાં રહેતા જશુજી બેચરજી ઠાકોરના પત્નિ સવિતાબેન ગઈ મોડી સાંજે ખેતરેથી ઘાસનો ભારો ઉપાડી પશુઓ માટે લઈ જઈ રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ નીકળેલી મારૂતિ વાન નં. જીજે ૧૮ બી.ડી. ૪૭૦૭ના ડ્રાઈવરે સવિતાબેનને અડફેટે લઈ લીધા હતા. સવિતાબેન ફંગોળાઈને રસ્તા વચ્ચે જબરદસ્ત પટકાયા હતાં અને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ વાન મુકીને આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. સવિતાબેનના દિયર વિનુજી ઠાકોરે ડભોડા પોલીસને ઘટનાની જાણ કરતાં પીએસઆઈ પી.જે. સોલંકીએ કાર ચાલક સામે ગુનો દાખલ કરી નંબરને આધારે તપાસ કરતા વડોદરા ગામનો જ જેસિંગ પ્રહલાદ ઠાકોર હોવાનું ખુલતા તેને ગણતરીના કલાકોમાં ઉઠાવી તેની ધરપકડ કરી લીધી હતી.

વજાપુરા ગામમાં દરોડો પાડી પોલીસે ૮ જુગારીઓ પકડયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક સ્થિત વજાપુરા ગામમાં ગઈ સાંજે ડભોડા પોલિસે બાતમીને આધારે દરોડો પાડી ૮ જુગારીઓને ઝડપી પાડયા હતા. ડભોડા પોલીસે રૂ. ૯૧,૪૭૦ના મુદ્દામાલ સાથે તમામ જુગારીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીને બાતમી મળી હતી કે વજાપુરા ગામમાં જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે ગઈ સાંજે ટીમે દરોડો પાડયો હતો. કોર્ડન કરીને આઠ જુગારીઓને રંગે હાથ જુગાર રમતા ઝડપી પાડયા હતા. વજાપુરા ગામના ભીખા આતા ઠાકોર, કેસા શંકા ઠાકોર, કિરણ બાબુ ઠાકોર, અરવિંદ જવાન ઠાકોર, કાળા નાગર ઠાકોર, દોલા બુધા ઠાકોર, કાના ફતા ઠાકોર અને મુકેશ અંબાલાલ ઠાકોર મળીને આઠ શકુનીઓને બે મોબાઈલ, ૧૪૩૦ રોકડા પાંચ વાહનો મળીને કુલ રૂ. ૯૧૪૩૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

ચોથી જાગીર પરના હૂમલાને શહેર કોંગ્રેસે વખોડી

ગાંધીનગર શહેરમાં ન્યુઝ પેપર વહેંચતા ફેરીયાને મહાનગરપાલિકાના કમિશનરે પટ્ટા વડે ઢોર માર મારવામાં આવ્યો હતો. પોતાની ઓફિસમાં બોલાવી ચોથી જાગીરનો અવાજ દબાવવાની ઘટનાને શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશ પટેલે સખત શબ્દોમાં વખોડી કાઢી છે. સરકારી અધિકારીઓ સરકારનો હાથો બની રહ્યા છે. આલમ તટસ્થ રીતે પત્રકારત્વની ફરજ બજાવે છે. તેને ભયભીત કરવાનો પ્રયત્ન બિલકુલ શાખી લેવાશે નહિ.

કલા ગુર્જરીનો 'મજલિસે સુફી' કાર્યક્રમ યોજાશે

સંસ્કાર નગરી ગાંધીનગરની કલાપ્રેમી જનતા સમક્ષ અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા કલા ગુર્જરી દ્વારા તેના નવમા વર્ષના પ્રથમ કાર્યક્રમમાં સુફી સંગીતના લોકપ્રિય ફિલ્મી અને નોન ફીલ્મી ગીતોના એક શાનદાર જલસાનું આયોજન કરેલ છે. 'મજલિસે-સુફી'ની એક મહેફિલમાં દીપ્તિ દેસાઈ અને મિહિર જાની જેવા જાણીતા કલાકારો સંગીતકાર અમિત ઠકકરનાં સંચાલનમાં કંઠના કામણ પીરસશે. પાટનગરની સાંસ્કૃતિક પરંપરા જાળવી રાખવાના પ્રયત્ન સમો આ કાર્યક્રમ કલા રસિકોને હંમેશા યાદ રહેશે.

કલા ગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૧૩ જૂન ૨૦૧૫ના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉન હોલ, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા તથા નવા વર્ષ માટેનું સભ્યપદ જો ન મેળવેલ હોય તો હોલ પર જ મેળવી લેવા કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે સૌને અનુરોધ કરેલ છે.

આજે ગાંધીનગર જિલ્લા માયનોરીટી ડિપાર્ટમેન્ટ હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડીપાર્ટમેન્ટમાં નવા નિમાયેલા હોદ્દદારોનો સત્કાર સમારોહ યોજવામાં આવશે. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે જનાબ ખુરશીદ એહમદ સૈયદ ચેરમેન એ.આઈ.સી.સી. માયનોરીટી ડીપાર્ટમેન્ટ, ન્યુદિલ્હી ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર સેક્ટર-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે તા. ૧૩ જૂન, શનિવાર સાંજે ૪.૩૦ કલાકે શહેર અને જિલ્લા કોંગ્રેસના માયનોરીટી ડીપાર્ટમેન્ટના નવા નિમાયેલા હોદ્દેદારોને સત્કાર સમારંભ યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુલાલખાન રાઉમા, કાસમભાઈ તીરમીજી, માજી મંત્રી ગુજરાત રાજ્ય, અતિથિ તરીકે કામિનીબા રાઠોડ ધારાસભ્ય દહેગામ, અમિત ચૌધરી ધારાસભ્ય માણસા, નિશિત વ્યાસ, મહામંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, મુકેશ પટેલ પ્રમુખ શહેર કોંગ્રેસ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સત્કાર સમારોહમાં ગાંધીનગર શહેર જિલ્લાના કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

બાગાયત પરિવારનો રજય જયંતિ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

બાગાયત પરિવાર દ્વારા રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ટાઉનહોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સંગીતના સૂરો રેલાયા હતા. રાજયકક્ષાનાકૃષિ મંત્રી જશાભાઈ બારડ ઉપસ્થિત રહ્યા હતા. રજત જયંતિ મહોત્સવમાં બાગાયત ખાતાના કર્મચારીઓ, પૂર્વ કર્મચારીઓ તેમજ કુટુંબીજનો ઉપસ્થિત રહ્યા હતાં.

સેક્ટર-૨ મહુડી હોલ ત્રણ રસ્તા પાસે સ્પિડ બ્રેકર મુકવા લોક માંગ

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨માં આવેલ મહુડી હોલ પાસે અવાર-નવાર અકસ્માતો સર્જાવાના કારણે વસાહતીઓએ સ્પીડબ્રેકર મુકવા માંગણી કરી છે. શહેરમાં વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તેમજ નબીરાઓ પણ પોતાના બાઈકની શક્તિના પારખા કરતા હોય છે. ત્યારે આવનાર સમયમાં વધુ અકસ્માતો ન સર્જાય તે માટે બમ્પ મુકવાની માંગ પ્રબળ બની છે.

શહેરમાં આવેલ સેક્ટર-૨માં મહુડી હોલ આવેલ છે. અહિં મોટા પ્રમાણાં શુભપ્રસંગો, તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેના કારણે પબ્લિકનો ઘસારો પણ વધુ રહે છે. મહુડીહોલ ત્રણ રસ્તા પાસે બમ્પ મુકવા લોક માંગ ઉઠી છે.

શહેરમાં દિવસે દિવસે ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે. વાહનોની સંખ્યામાં દિવસે દિવસે તોતીંગ વધારો થઈ રહ્યો છે. એક સમય માટે વિમાનનો રનવે લાગતા રસ્તાઓ સાંકડા થઈ રહ્યા છે. જેનાથી અકસ્માતોનું પ્રમાણ વધ્યુ છે.

મહુડી હોલ ત્રણ રસ્તા પાસે અકસ્માતો થવાથી અનેકની જીંદગી છીનવાઈ ગઈ છે. અગાઉ પણ અહિયા સ્પિડબ્રેકર મુકવા માટે માંગણી કરવામાં આવી હતી. તંત્ર દ્વારા ન જોઈતી જગ્યાએ બમ્પનો ઢગલો કરવામાં આવે છે. ત્યારે જે અકસ્માત ઝોન બની ગયો છે. ત્યા ઝડપથી બમ્પ મુકવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

કલોલ તાલુકાના ગણપતપુરા ખાતે શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં માત્ર ૪૦ ઘરની વસ્તી ધરાવતું ગણપતપુરા ગામ આવ્યું છે.

ત્યાં તમામ ધાર્મિક અને અન્ય તહેવારોની ઉજવણી ધામધૂમથી એક પરિવારની ભાવનાથી તો થાય જ છે. પણ છેલ્લા એક દાયકાથી આ ગામમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવની ઉજવણી પણ એક તહેવારની જેમ કરવામાં આવે છે. ગણપતપુરા ગામની શાળામાં આજે ટેકનિકલ શિક્ષણ કમિશનર શ્રી અનિષભાઈ માંકડ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણીના હસ્તે ગામની શાળામાં ધોરણ૧માં -વેશ મેળવનાર ૬ બાળકોને દફતર અને અન્ય શિક્ષણને સંલગ્ન ચીજ વસ્તુઓની કિટ્સ આપી અને મોઢું મીઠુ કરાવીને -વેશવિધી સંપન્ન કરાવવામાં આવી હતી.

આજે ગણપતપુરા ગામમાં યોજાયેલ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમમાં ગામના તમામ ઘરના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ નાનકડા ગામમાં બાળકોને શૈક્ષણિક કિટ્સનું દાન કરવાની ટહેલ નાખવામાં આવી, ત્યારે તમામ ઘરના વડીલોએ પોતાની યથા શક્તિ મુજબ દાન આપવા માટે તૈયારી દાખવી હતી, તેવું શાળાના આચાર્યશ્રીએ જણાવ્યું હતુ. આ -વેશોત્સવ દરમ્યાન -વેશ મેળવનાર માત્ર છ બાળકોને જ શૈક્ષણિક કિટ્સ્નથી અપાઈ, પણ શાળામાં અભ્યાસ કરતા તમામ ધોરણના ૪૪ વિદ્યાર્થીઓને પેન્સિલ, કંપાસ, દફતર, નોટબુક, પેડ, પુસ્તક જેવી ચીજવસ્તુઓ આપવામાં આવી છે.

આ શાળા ગાંધીનગર જિલ્લામાં સૌ -થમ પોતાની શાળાની વેબસાઈટ લોન્ચ કરનાર શાળા છે. શાળાના શિક્ષકો દ્વારા પણ પોતાના બાળકો હોય તેમ શિક્ષણ આપવામાં આવે છે.

ગણપતપુરા -થમિક શાળામાં શાળા -વેશોત્સવ નિમિત્તે ઉપસ્થિત ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણીએ જણાવ્યું હતું કે, શાળામાં બાળકોની -વેશવિધી સંપન્ન કરાવવા માટે બાળકો કરતા વાલી જે રીતે મોટી સંખ્યામાં ઉપસ્થિત છે, તે વાત જ વાલીઓ શિક્ષણ -ત્યે જાગૃત છે, તે વાતને સમર્થન આપે છે.

આ -સંગે શાળાના ધોરણ ૩ થી ૮ના વર્ગમાં -થમ નંબર મેળવનાર તમામ વિદ્યાર્થીઓનું અને દાતાશ્રીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના પટાંગણમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ શાળાની મુલાકાત પણ મહાનુભાવોએ લીધી હતી. શાળાની વિદ્યાર્થીની મીના રાવળે બેટી બચાવો વિષય પર અમૃતવચન આપ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન

શાળાની વિદ્યાર્થીની ઉર્વશીએ કર્યું હતું.

ગણપતપુરા ગામ ખાતે યોજાયેલ શાળા -વેશોત્સવ સમારંભમાં ટેકનીકલ શિક્ષણના જોઈન્ટ ડાયરેકટર શ્રી પી.સી.વછાણી, ડેપ્યુટી ડાયરેકટર શ્રી કે.પી.ચૌહાણ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશાબેન શર્મા, જિલ્લા -થમિક શિક્ષણાધિકારી શ્રી એન. એમ. રાઠોડ, કલોલ તાલુકા વિકાસ અધિકારી શ્રી રીટાબેન પટેલ, આઈસીડીએસના અધિકારી શ્રી છાયાબેન ઉપાધ્યાય સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૩૬.૭ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૫૩ ટકા

મનોરંજન

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :

હમારી અધુરી કહાની : ૩૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

હમારી અધુરી કહાની : ૧૨.૪૫

જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦

દિલ ધડકને દો : ૬.૩૦

સ્ક્રીન-૩ :

જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૧૨.૧૫. ૭.૪૫

જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૩ડી : ૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

જોબકા : ૧૦.૦૦

તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫, ૬.૪૫

દિલ ધડકને દો : ૩.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૫ :

હમારી અધુરી કહાની : ૧૦.૦૦, ૩.૪૫

દિલ ધડકને દો : ૧૨.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

વૃષભ : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી. જિ. ગાંધીનગર

ચિરવિદાય

- સ્વ. મનસુખલાલ જેઠાલાલ ત્રિવેદી (ઉ.વ.૮૫) બ્લોક નં. બી-૬, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મીબેન ભરતજી ઠાકોર (ઉ.વ.૨૭) મુ. ફતેપુરા, પેથાપુર, તા.જી. ગાંધીનગર